**Class: X**

Gujarati

Sample Question Paper -2023-24

Answer Key

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ **આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.**<br>➢ **વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પુછવામાં આવ્યા છે.**<br>➢ **પ્રશ્ન 1,2,3 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.**<br>➢ **કુલ ગુણ -૩૪** | ➢ This Question paper is divided in two parts.<br>➢ **Part A** - Objective type questions. (MCQ) and very short question.<br>➢ Q.1, Q.2, Q.3 are of 1 mark each.<br>➢ Total Marks - 34 |
| ➢ **વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.**<br>➢ **આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.**<br>➢ **લેખન કાર્યમાં આવતા પત્રલેખનના પ્રશ્નમાં જો પ્રેષકનું નામ આપવામાં આવ્યું ન હોય તો જવાબમાં પત્ર લખતી વખતે વિદ્યાર્થીએ પોતાનું નામ સરનામું કે પોતાની અને કોઇપણ શહેરની આગવી ઓળખ આપવી નહિ. જો પ્રશ્ન પત્રમાં પ્રેષક અને પ્રતિનું નામ જણાવ્યું હોય તો જ તેનો ઉલ્લેખ પત્રલેખનમાં કરવો.**<br>➢ **કુલ ગુણ-૪૬** | ➢ **Part B -** Subjective, Descriptive questions.<br>➢ As per the instructions given, the questions and answers of this section have to be written.<br>➢ Do not mention your identity or the place you reside in the answer to this letter writing question. In case name or address is mentioned in the question, you will have to use the same in your answer.<br>➢ Total Marks = 46 |
| ➢ **પૂર્ણ પ્રશ્ન પત્ર – ૮૦ ગુણ** | ➢ **Question paper- 80 Marks.** |
| ➢ **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.** | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

# ગુજરાતી
# ધોરણ-X (010)

**સમય – 3 કલાક** **Time: 3 hrs.**

**કુલ ગુણ -80** **M.M.- 80**

## PART A (34)

## (Advanced Reading Skill)

**પ્રશ્ન-1 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.** **(5×1=5)**

કેટલાક લોકો એમ માને છે કે અર્થશાસ્ત્રને નીતિશાસ્ત્ર અથવા ધર્મનીતિ સાથે તો કશી લેવાદેવા જ ન હોય. ખરી રીતે જોઈએ તો જનસમાજનું કલ્યાણ એ જ ઉદ્દેશ બંને શાસ્ત્રોના છે અને તેમાંયે સમાજના આત્યંતિક કલ્યાણની દૃષ્ટિ ધર્મ એ જ સમાજનો પ્રાણ છે. એટલે અર્થશાસ્ત્રના સિધ્દ્ધાંતો ધર્મ અથવા નીતિના વિરોધી હોઈ જ ન શકે.પણ આપણામાં એ માન્યતાએ ઘર કર્યું છે કે અર્થશાસ્ત્રમાં આર્થિક લાભનો અથવા સ્વાર્થનો વિચાર કરવાનો છે અને નીતિશાસ્ત્રમાં

દયાભાવ અને પરોપકારનો વિચાર કરવાનો છે, માટે એ બે શાસ્ત્રનો મેળ બેસે નહિ.બેને ભેગા કરવા જતાં 'બાવાના બેઉ બગાડે.' આ બાબતમાં ગાંધીજી કહે છે, 'ધર્મ અને અર્થ વચ્ચે મેળ ન હોઈ શકે એમ માનવું ઘોર અજ્ઞાન છે. જે મનુષ્ય અર્થને ધર્મ પર નિર્ભર રાખે છે તેને અર્થલાભ થાય છે અને ધર્મલાભ તો થાય જ છે.' જે વ્યક્તિ કે સમાજ ધર્માધર્મનો કે નીતિ-અનીતિનો વિચાર કર્યા વિના સ્વાર્થ ને પ્રાધાન્ય આપીને પોતાની પ્રવૃત્તિ ચલાવે છે તે ચારિત્ર્ય માં શિથિલ થયા વિના રહેતા નથી અને પોતાની પ્રગતિ કે કલ્યાણ  સાધી શકતાં નથી. પરંતુ આધુનિક અર્થશાસ્ત્રના મૂળ પ્રવર્તકો ઍડમ સ્મિથ, રિકાર્ડો વગેરે એ અર્થ અને નીતિ ને અલગ પાડી ને અર્થશાસ્ત્રના સિદ્ધાંતો તારવ્યા તે અનર્થકારી નીવડ્યા છે.

**-નરહરિ પરીખ**

**પ્રશ્નો:-** (I) અર્થશાસ્ત્ર  કયા શાસ્ત્ર સાથે લેવા દેવા નથી?

(C) આપેલા 'A' અને 'B'

(II) અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વિશે આપણામાં કઈ માન્યતાએ ઘર ઘાલ્યું છે?

(D) આપેલા બધા જ

(III) અર્થશાસ્ત્રમાં આર્થિક લાભનો અથવા _________ વિચાર કરવાનો છે.

(B) સ્વાર્થનો

(IV) નીતિશાસ્ત્રમાં શેનો વિચાર કરવાનો છે ?

(C) આપેલા 'A' અને 'B'

(V) શું માનવું એ ઘોર અજ્ઞાન છે?

(B) 'ધર્મ અને અર્થ વચ્ચે મેળ ન હોઈ શકે

**પ્રશ્ન-2 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય  જવાબ લખો.** **(5×1=5)**

"વિદ્યા મેળવવાનો આધાર મોટે ભાગે કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધાં મેળવી શકતાં નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહીં, મેળવવાની વસ્તુ લે નહીં તેમની વિદ્યા આખર  સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહીં. તેઓ અમુક જળ અથવા માટીમાં કોઈ વિશેષ ગુણ રહેલા છે એમ માને છે. આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલવી જ પડશે."

**-રવીન્દ્રનાથ ટાગોર**

**પ્રશ્નો:-** (I) વિદ્યા મેળવવાનો મુખ્યત્વે આધાર કોના પર હોય છે**?**

જવાબ -I. વિદ્યા મેળવવાનો મુખ્યત્વે આધાર વિદ્યાર્થી ઉપર જ  હોય છે

(II) તીર્થમાં જનારા કેમ સાચું ફળ મેળવી શકતા નથી**?**

જવાબ -II. તીર્થમાં જનારા લોકો તીર્થમાં જાય છે ખરા પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહીં તેથી સાચું ફળ મેળવી શકતા નથી**.**

(III) 'તીર્થ'નો સમાનાર્થી શબદ અને 'નિરર્થક'નો વિરોધી શબ્દ જણાવો.

જવાબ -III.  તીર્થ  એટલે યાત્રા અને નોરર્થક નો વિરોધી સાર્થક કહેવાશે.

(IV) આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ કેવી થતી ગઈ**?**

જવાબ- IV.આખા દેશમાં સાધનામાર્જિત ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ નિરર્થક બાહ્યતા વધતી ગઈ.

(V)  ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપી લખો.

જવાબ -V. જ્ઞાનાર્જન/યોગ્ય વિદ્યા પ્રાપ્તિ / વિદ્યાર્થી ફકરા પ્રમાણે યોગ્યરીતે આપી શકે તે જવાબ પણ સ્વીકાર્ય રહેશે.

## Literature

**પ્રશ્ન-3  નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) મીરાંબાઈ કેવી રીતે દુ:ખ દૂર થાય એમ કઅહે છે?

(A) કૃષ્ણના દર્શનથી

(II) 'હાથ મેળવીએ' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?

(B) છંદોલય

(III) બાંધવ કેવા હોય તો પણ મદદ કરે છે?

(D) અબોલડા

(IV) 'દીવાનખાનામાં' કાવ્યની કાવ્યનાયિકા પોતાના કયા ભાવને વ્યક્ત કરે છે?

(C) એકલતાના ભાવને

(V) જેઠીબાઈનું મૂળ વતન કયું હતું?

(B) દીવ

(VI) હૉટલમાં ભોજન લઈ રહેલા દંપતીના ટેબલ પર કેટલી ડિશ હતી?

(B) બે ડિશ

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) કેવો માણસ કદી ફૂલતો નથી?

જવાબ – પૂર્ણતા વાળો માણસ કદી ફૂલતો નથી.

(II)'પ્રાણનો મિત્ર' આપણને શેની માવજત માટે જાગૃત કરે છે?

જવાબ - 'પ્રાણનો મિત્ર' આપણને વૃક્ષોની  માવજત માટે જાગૃત કરે છે.

(III)'ટિફિન' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

જવાબ -'ટિફિન' કૃતિનો સાહિત્યપ્રકાર લઘુકથા છે.

(IV) ધવાયેલો દીપક કોનું સ્મરણ કરે છે?

જવાબ - ધવાયેલો દીપક રાષ્ટ્રધ્વજનું સ્મરણ કરે છે.

(V) 'દુલેરાય કારાણી' કઈ કૃતિના કર્તા છે?

જવાબ - 'દુલેરાય કારાણી' જેઠીબાઈ કૃતિના કર્તા છે.

(VI) કાળવી અને ગોરવી કઈ કૃતિના પાત્ર છે?

જવાબ - કાળવી અને ગોરવી ટિફિન કૃતિના પાત્ર છે.

## (Applied Grammar)

**પ્રશ્ન-5 સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.(કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'પગ ભારે થઈ જવા' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(B) સંકોચ થવો

(II) લાગી આવવું - આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(C) દુઃખ થવું

(III) આંગળાં કરડવાં -રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(C) સ્વાદિષ્ટ હોવું

(IV) અડધા થઈ જવું – આ અર્થનો રૂઢિપ્રયોગ લખો.

(A) વધુ પડતી ચિંતા થવી

(V) સૂર્ય તપવો - રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(B) પ્રગતિના શિખર પર હોવું

**પ્રશ્ન-6 નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) કાયમ મુસાફરી કરનાર

(B) ચિર પથિક

(II) છોકરાં છૈયાંવાળું

(A) બચરવાળ

(III) જાણેલું / જાણમાં આવેલું

(A) વિદિત

(IV) હૃદયના ધબકારા થવા તે ...

(B) સ્પંદન

(V) સમયની મર્યાદા ન હોય તેવું

(D) અનંત

**પ્રશ્ન-7 નીચેનામાંથી પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ ચાર)** **(4×1=4)**

(I) 'પૂંજ'નો સમાનાર્થી શબ્દ લખો.

(B) ઢગલો

(II) 'પ્રલાપ'નો સમાનાર્થી શબ્દ લખો.

(C) આપેલા (A) અને (D)

(III) નીચેનાંમાંથી કયું જોડકું સમાનાર્થી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) કીર્તિ - નામના

(IV) નીચેનાંમાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(B) શીતળ × ઉષ્ણ

(V) નીચેનાંમાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે તે લખો.

(A) દયાળુ × નિષ્ઠુર

**પ્રશ્ન-8 સૂચના મૂજબ જવાબ આપો. (<u>કોઈપણ ચાર</u>)** **(4×1=4)**

(I) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(B) મારો મિત્ર આવ્યો છે.

(II) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?

(A) મહેનત કરો તો ફળ મળે

(III) અનુગ ઓળખો: 'રેખાને બોલાવી લાવ.'

(B) ને

(IV) અનુગ ઓળખો: પારસથી આગળ અભ્યાસ ન થયો.

(B) થી

(V) નામયોગી ઓળખો: પગ પર ફૂલની માફક આંસુ પડતાં હતાં.

(C) વિકલ્પ A અને B બંને

## PART B **(46)**

## Literature

**પ્રશ્ન-9 નીચેની કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે પાંચ )** **(5×1=5)**

જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીન-દુ:ખિયાનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો'

ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !

મારું જીવન અંજલિ થાજો !

વણથાક્યાં ચરણો મારા નિત તારી સમીપે ધાજો;

હૈયાનાં પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !

મારું જીવન અંજલિ થાજો !

વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;

શ્રધ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !

મારું જીવન અંજલિ થાજો !

**પ્રશ્નો:-** (I) કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવા ઇચ્છે છે?

જવાબ -કવિ ભૂખ્યા માટે ભોજન અને તરસ્યા માટે જળ બનવા ઇચ્છે છે.

(II) કવિ કયો દીપક કદી ન ઓલવાય એમ કહે છે?

જવાબ- કવિ શ્રધ્ધાનો દીપક કદી ન ઓલવાય એમ કહે છે.

(III)'સ્પંદન' એટલે શું?

જવાબ - 'સ્પંદન' એટલે 'આછિ ધ્રુજારી' / 'થડકો' / 'ધબકાર'.

(IV) કવિ ક્યાં ચાલવાનું કહે છે?

જવાબ- કવિ સત્યના કાંટાળા માર્ગે ચાલવાનું કહે છે.

(V) કવિ પોતાનું જીવન કેવું બનાવવા માંગે છે?

જવાબ- કવિ પોતાનું જીવન અન્યને મદદરૂપ થાય / અંજલિરૂપ, પરોપકારી બનાવવા માંગે છે.

(VI) કવિ શેનાથી પોતાનું અંતર ન ધરાય એવું કહે છે?

જવાબ - કવિ દીન-દુ:ખિયાનાં આંસુ લૂછતાં પોતાનું અંતર ન ધરાય એવું કહે છે.

**પ્રશ્ન-10 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં જવાબ લખો. (ગમે તે બે)** **(2×2=4)**

**વિષયવસ્તુ : 1.5 ગુણ**

**જોડણીદોષ : 0.5 ગુણ**

(I) નાયિકા દીવાનખાનાની કઈ કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે?

જવાબ - નાયિકા દીવાનખાનાના સુશોભન માટે વસ્તુઓની ગોઠવણીમાં ફેરફાર કરે છે. તે સોફા અને લૅમ્પનું સ્થાન બદલે છે. બારીના પડદા બદલી કાઢે છે અને જૂના ગાલીચાની જગ્યાએ Wall to wall કારપેટ નખાવી દે છે.

(II) 'મોરલી' કાવ્યના આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.

જવાબ - કૃષ્ણએ પીળું પીતાંબર અને જરકસી જામો પહેર્યા છે. કૃષ્ણને કાને કુંડળ, માથે મુગટ અને મુખ પર મોરલી બિરાજે છે. તેમને માથે પીળો પટકો શોભે છે. કૃષ્ણનો આ શણગાર સૌને પ્રિય છે.

(III) 'હાથ મેળવીએ' કાવ્યના કવિના મતે માનવીના હાથ કયા કયા કામ કરે છે?

જવાબ - 'હાથ મેળવીએ' કાવ્યના કવિના મતે માનવીના હાથ અનેક કામ કરે છે. તે કેટલાક સારાં કામો કરે છે તો કેટલાક નઠારાં કામો પણ કરે છે.

(IV) 'તે બેસે અહીં' કાવ્યમાં દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે?

જવાબ - દાનનો મહિમા કવિ કીડિયારાના ઉદાહાણ દ્વારા સમજાવે છે. કીડિયારું પૂરવામાં વ્યક્તિને કોઇ સ્વાર્થ હોતો નથી, તેમજ તેની બીજાને જાણ થતી નથી. આમાં ગુપ્તદાનનો મહિમા છે. એક હાથે કરેલા દાનની બીજા હાથને પણ જાણ થવી જોઈએ નહિ.

**પ્રશ્ન.11 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે એક) (1×3=3)**

**વિષયવસ્તુ : 2.5 ગુણ**

**જોડણીદોષ : 0.5 ગુણ**

(I) 'જીવમાં જીવ આવ્યો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

જવાબ - ઉનાળાના આકરા તાપથી સમગ્ર જીવસૃષ્ટિ વ્યથિત છે. ધૂળની ડમરીઓ થાય છે, પક્ષીઓ માળામાં વ્યથિત થઈ હાંફે છે, પર્ણો કરમાઇ ગયાં છે, રાફડામાં કીડીઓ ખદબદે છે, સોનેરી રંગે તડકો જડાઈ ગયો છે, વગડો, સીમ, માણસો વગેરે પરેશાન છે. ઝરમર ઝરમર વર્ષાના આગમનથી સૃષ્ટિનું ચિત્ર બદલાઈ જાય છે. પશુપંખીઓ, વનસ્પતિ, માણસોમાં નવચેતન આવે છે. સૌ રાહત અનુભવે છે. સૃષ્ટિનું સૌંદર્ય ખીલી ઊઠે છે. આમ, બે ફોરાં વરસાદનાં ઝર્યાં ને વાતાવરણ બદલાઈ ગયું. તેથી 'જીવમાં જીવ' શીર્ષક યથાર્થ છે.

(II) માણસની સભાપાત્રતાની યોગ્યતા 'તે બેસે અહીં' ગઝલને આધારે સમજાવો.

જવાબ - સભાપાત્રતાની યોગ્યતા એટલે માનભર્યું સ્થાન. કઇ વ્યક્તિ માનને પાત્ર છે? જે સંવેદનશીલ છે, એટલે કે બીજાના દુ:ખે દુ:ખી થાય છે અને એનું દુ:ખ દૂર કરે છે તે. જે પ્રગતિના શિખરે પહોંચીને પણ નમ્ર રહે છે, અભિમાન કરતો નથી તે. જે કીડિયારું પૂરે, જે ગુપ્તદાન કરે છે તે. જે આત્મનિરીક્ષણ કરે છે અને પ્રામાણિક છે તે.

(III) 'પંખી પિંજરામાં ભરાઈ ગયું'માં વ્યક્ત થતી વેદના વર્ણવો.

જવાબ - પિંજરાનું બારણું ખોલીને પંખીને કહેવામાં આવ્યું, હવે તું મુક્ત છે. પંખીએ બહાર નીકળીને માણસ સામે જોયું અને પાછું પિંજરામાં ભરાઈ ગયું. અહીં પંખીની વેદના વ્યક્ત થઈ છે. પંખી(અન્ય જીવસૃષ્ટિ)ને માનવજાત પર વિશ્વાસ નથી. માણસ દંભ કરીને, સદાચારીની બનાવટ કરીને અન્યને ભોળવીને તેનો લાભ લે છે, કપટ કરે છે, છેતરે છે.

**પ્રશ્ન.12 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે છ) (6×1=6)**

આપણો દેશ પરાધીનતાની બેડીઓમાં જકડાયેલો હતો, ત્યારે દેશની સ્વાધીનતા અને ભારતીય પ્રજાના આત્મસન્માનને માટે વીરચંદ ગાંધીએ દેશ-વિદેશમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. અમેરિકા અને ઇંગ્લૅન્ડ જેવા દેશોમાં પોતાના ત્રણ વિદેશ પ્રવાસમાં તેમણે ભારત અને ભારતીય ધર્મો વિશે 650થી વધુ પ્રવચનો આપ્યાં. એ સમયે ભારત એટલે વાઘ, સાપ અને રાજાઓનો દેશ એવી ભ્રામક માન્યતા હતી તે તેમણે દૂર કરી.

ભારતીય ધર્મ રૂઢિઓ અને કર્મકાંડોનો ધર્મ છે, એવો ખોટો પ્રચાર કરવામાં આવતો હતો ત્યારે વીરચંદ ગાંધીએ ભારત અને એની સંસ્કૃતિની ભવ્યતાનો પશ્ચિમને ખ્યાલ આપ્યો.

ભારતના પ્રાચીન ગ્રંથો અને તેની વૈચારિક સમૃદ્ધિની હાંસી ઉડાવવામાં આવતી હતી, ત્યારે તેમણે ભારતીય શાસ્ત્રગ્રંથોમાં રહેલી વૈચારિક અને આધ્યાત્મિક સમૃદ્ધિની વિદેશમાં સમજ આપી. વેદોની મહત્તા, ભારતનું મનોવિજ્ઞાન, ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડાણ વિશે પ્રવચનો આપ્યાં, સાચી સમજ આપી.

આવા ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર શ્રી વીરચંદ રાઘવજી ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રની દક્ષિણે ભાવનગર શહેરથી એકસો કિલોમીટર દૂર આવેલા મહુવા ગામમાં તા.25/08/1868ના રોજ થયો હતો. એમના પિતા રાઘવજીભાઈ મહુવામાં સોનીકામ કરી ધર્મમય જીવન ગાળતા હતા.

**પ્રશ્નો:-**(I) વીરચંદ ગાંધીએ પશ્ચિમના લોકો વચ્ચે ભારતીય ધર્મો વિશે કેટલા પ્રવચનો આપ્યાં?

જવાબ- વીરચંદ ગાંધીએ પશ્ચિમના લોકો વચ્ચે ભારતીય ધર્મો વિશે 650થી વધુ પ્રવચનો આપ્યાં.

(II) સોનીકામ કરીને ધર્મમય જીવન કોણ ગાળતું હતું?

જવાબ - સોનીકામ કરીને ધર્મમય જીવન વીરચંદ ગાંધીના પિતા રાઘવજી ગાળતા હતા.

(III) વિદેશમાં ભારતીય ધર્મ વિશે કેવો ખોટો પ્રચાર કરવામાં આવતો?

જવાબ - વિદેશમાં ભારતીય ધર્મ રૂઢિઓ અને કર્મકાંડોનો ધર્મ છે એવો ખોટો પ્રચાર કરવામાં આવતો.

(IV) આપણો દેશ ગુલામીમાં જકડાયેલો હતો ત્યારે વીરચંદ ગાંધીએ શું કર્યું?

જવાબ - આપણો દેશ ગુલામીમાં જકડાયેલો હતો ત્યારે વીરચંદ ગાંધીએ દેશની આઝાદી અને ભારતીય પ્રજાના આત્મસન્માનને માટે દેશ-વિદેશમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું.

(V) વીરચંદ ગાંધીએ વિદેશમાં ભારતીય ધર્મ ઉપરાંત બીજા કયા વિષયો પર પ્રવચનો આપ્યાં?

જવાબ - વીરચંદ ગાંધીએ વિદેશમાં ભારતીય ધર્મ ઉપરાંત વેદોની મહત્તા, ભારતનું મનોવિજ્ઞાન તથા ભારતીય તત્ત્વજ્ઞાનના ઊંડાણ વિશે પ્રવચનો આપ્યાં.

(VI) વીરચંદ ગાંધીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો?

જવાબ - વીરચંદ ગાંધીનો જન્મ મહુવા ગામમાં, તા.25/08/1868ના રોજ થયો હતો.

(VII) વીરચંદ ગાંધીના સમયમાં ભારત વિશે કઈ ખોટી માન્યતા હતી?

જવાબ - વીરચંદ ગાંધીના સમયમાં ભારત એટલે વાઘ, સાપ અને રાજાઓનો દેશ એવી ખોટી માન્યતા હતી.

**પ્રશ્ન.13 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ત્રણ) (6×2=6)**

**વિષયવસ્તુ : 1.5 ગુણ**

**જોડણીદોષ : 0.5 ગુણ**

(I) 'આ રોટલાનું વૈતરું શું કામ?' આ પ્રશ્નનો શો પ્રત્યુત્તર મળે છે?

જવાબ - 'આ રોટલાનું વૈતરું શું કામ?' આ પ્રશ્નનો ઉત્તર આપતાં અમથીમા હળવાશથી કહે છે : "હું ધરાઈ જાઉં પણ આ સામે બેઠેલી કાળવી અને ગોરવી હમણાં આવશે.....એ બંનેને શો જવાબ આપવાનો?"

(II) બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી છે?

જવાબ - બલાઈને પ્રકૃતિ સાથે સ્વજન જેવી લાગણી છે. વૃક્ષો, પુષ્પો, લીલું ભરાવદાર ઘાસ જોઈને તેનું મન પ્રસન્ન થઇ જાય છે. તેમને નુકસાન થતું જોઈ તેનું મન વ્યથા અનુભવે છે.

(III) વૃધ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું?

જવાબ - વૃધ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનારને પાઠ ભણાવવા માટે ફોન કરી સોશ્યલ સિક્યોરિટીને જાણ કરી. એક સિક્યોરિટી ઑફિસર આવ્યો. જે બન્યું હતું તે જાણીને તેણે ખોરાક છાંડનારને 50 યુરોનો દંડ કર્યો.

(IV) દીપક કેવી રીતે ઘવાયો?

જવાબ - રાષ્ટ્રધ્વજ ચડાવવા દીપક અગાશીએ ચડ્યો. બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો અને પડી ગયો. આ રીતે તે ગંભીર રીતે ઘવાયો.

(V) તાજમહેલ વિશે લેખક શું કહે છે?

જવાબ - તાજમહેલ વિશે લેખક કહે છે કે ‘એક માણસ ચૌદમી ડિલિવરીમાં મરી ગયેલી પોતાની બૈરી પાછળ આ રીતે પૈસા બરબાદ કરે તે વાત જ પસંદ નથી. બીજો કોઈ સમજુ માણસ હોય તો બૈરી પાછળ આખું આગ્રા શહેર જમાડે કે પછી તેની યાદમાં તાજમહેલ જેવી કોઈ હોટલ બાંધે....લાખ્ખો રૂપિયા ખરચીને તેણે બાંધી તો એક કબર જ ને!’

(VI) પાર્વતીબાનું ઘર કેવું હતું?

જવાબ - પાર્વતી બાનું ઘર ગ્રામ્ય પરિવેશનું હતું. ઉગમણું બારણું હતું. ગારમાટીનું ચણતર હતું. જમણા હાથ તરફની ભીંત પડી ગઈ હતી. ઓસરીમાં ગારનાં પોરાં ઉખડતાં હતાં.

**પ્રશ્ન-14 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે બે) (2×3=6)**

**<u>વિષયવસ્તુ : 2.5 ગુણ</u>**

**<u>જોડણીદોષ : 0.5 ગુણ</u>**

(I) ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠમાં આવતાં માનવસ્વભાવ અને સૌંદર્ય માણવાને બદલે ખાણીપીણીમાં વિશેષ રસ લેતાં પ્રવાસીઓ વિશે નોંધ લખો.

જવાબ - ‘સૂરજ તો બધે જ સરખો’ પાઠમાં માંવસ્વભાવની વિચિત્રતાઓ અને એની ટેવો તરફ લેખકે આપણું ધ્યાન દોર્યું છે. માણસ જોવાલાયક, હવાખાવાનાં સ્થળોના પ્રવાસે જાય છે. માણસે આવાં સ્થળોની ખાસિયતો જાણવી જોઇએ. આવાં સ્થળોનું સૌંદર્ય માણવું જોઇએ. આવાં સ્થળોની ઐતિહાસિક માહિતી મેળવવી જોઇએ, પરંતુ માનવસ્વભાવ વિચિત્ર છે. આવાં સ્થળોએ તે ખાણીપીણીની જ વાત કરે છે. ક્યા સ્થળે કઇ વાનગીનો ટેસ્ટ કરવો જોઇએ એની જ વાતો કહે છે. આગ્રામાં તેને દાળવડાંવાળો દેખાય છે, માથેરાનમાં તેને પુરોહિતવાળાની હોટલ દેખાય છે, દાર્જિલિંગમાં તેને દહીંવડાંવાળો દેખાય છે. એને તાજમહેલનું સૌંદર્ય જોવામાં રસ નથી, મહાબળેશ્વરનો ગાંડો કરી મૂકે એવો સૂર્યોદય જોવામાં રસ નથી. આવા પ્રવાસીઓને માટે બધાં સ્થાન સરખાં જ હોય છે.

(II) 'બાને રીસ ચડતી જ નહોતી અને ચડે તો તરત જ ઊતરી જતી' – 'નથી' પાઠને આધારે સમજાવો.

જવાબ - 'નથી' પાઠમાં પુત્ર કાન્તિ અને તેની પત્ની રમાની સતત અવગણના હોવા છતાં પારવતીબાનો વાત્સલ્ય પ્રેમ જોવા મળે છે. કાન્તિએ એક વાર પથ્થર નાખ્યો. તે બાની આંખ પાસે જઈ વાગ્યો. કાન્તિ ભાગી ગયો. મોટો તેને શોધીને થાકી ગયો અને બાને ચિંતા ન કરવા જણાવ્યું, ત્યારે બાએ એક જ વાત પકડી રાખી હતી કે કાન્તિ ઘરે આવશે પછી જ હું ખાઈશ. આમ, બાને રીસ ચડે તો તરત જ ઊતરી જતી. કાન્તિએ પારવતીબાને પૈસા મોકલવાની ના પાડી ત્યારે બાએ તેને સંભળાવી દીધું કે તારો પૈસો મારે આજથી હરામ છે. પારવતીબા માંદાં હતાં ત્યારે કંચનમાસીએ કાન્તિને કાગળ લખી જણાવ્યું કે પારવતીબહેન બહુ માંદા છે. તને ઝંખે છે. જલદી આવજે. ત્યારે તે ન જઈ શક્યો તોપણ પારવતીબાએ તેને દાગીનાનું પોટલું પહોંચાડ્યું. આમ, માને બાળક માટે ગુસ્સો કે ફરિયાદ હોય જ નહિ અને કદાચ હોય તો પણ તે લાંબો સમય ટકે નહિ.

(III) 'ઝબક જ્યોત' શીર્ષકની યથાર્થતા સમજાવો.

જવાબ - 'ઝબક જ્યોત'માં ભારતના સ્વાતંત્ર્યસંગ્રામ કાળની ઘટના છે. આઠ વર્ષનો દીપક સ્વાતંત્ર્યના રંગે રંગાયેલો છે. તે અગાશી પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડી જાય છે. તેને ગંભીર ઈજા થાય છે. તેને માથે પાટો બાંધવો પડે છે. તે પલંગમાં સૂતો છે. તેનું શરીર તાવથી ધગધગે છે. તેની આસપાસ તેનાં બા, બહેન, પિતા, ડૉક્ટર વગેરે બેઠેલાં છે. તે આવી વેદનામાં પણ રાષ્ટ્રધ્વજ, સાયંસરઘસ, રાષ્ટ્રભાવનાના ગીતો, ગાંધીજીની વાતો જ કરે છે. દીપકના પિતા અંગ્રેજ સરકારના અધિકારી છે, તેમને આ ગમતું નથી. ઘડિયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે અને કહે છે કે 'મેં એકલા જ જવાનું નક્કી કર્યું! એ રસ્તે એકલા જ સારું...! અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું ચૂકતી નહિ.' પછી તરત જ તે આંખો મીંચી દે છે. ડૉક્ટર નાડી તપાસી 'દીપક હોલવાઈ ગયો!' એમ બોલે છે.

દીપકના પિતાનું હૃદયપરિવર્તન થાય છે. તે સ્વયંસેવકને ફોન કરી જણાવે છે કે આવતી કાલની વડાલા રેઈડ પોતે લીડ કરશે. દીપક મૃત્યુ પામીને પણ દેશપ્રેમની જ્યોત પિતામાં જગાવતો જાય છે. આમ, 'ઝબક જ્યોત' શીર્ષક યથાર્થ છે.

(IV) 'જેઠીબાઇ'નું પાત્રાલેખન કરો.

જવાબ - રંગાટ અને વણાટકામનું કારખાનું દીવ બંદરે ઊભું કરનાર જેઠીબાઇનું વતન કચ્છ-માંડવી હતું. દીવ બંદરેથી એમનાં કારખાનાનો પુષ્કળ માલ પરદેશ જતો અને વેચાતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે એમના કારખાનાનો ખૂબ વિકાસ થયો હતો. જેઠીબાઇ કારખાનાના તમામ કામદારો પર માતા જેટલું જ વહાલ રાખતાં હતાં. મરણપથારીએ પડેલા કાનજીને એના દીકરાની ચિંતા કોરી ખાતી હતી. જેઠીબાઇએ એના દીકરાની જવાબદારી લીધી. જેઠીબાઇએ કાનજીના અંતરના ઉત્પાતને શમાવી દીધો. કાનજીનું મૃત્યુ થતાં સમયસૂચકતા વાપરીને જેઠીબાઇએ કાનજીના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો. એ જ રાત્રે કાનજીના પુત્ર પમાનાં લગ્ન એક બીજા કામદારની પુત્રી સાથે કરાવી દીધાં. પછી પોલીસપાર્ટીને સાથે લઈને આવેલા પાદરીઓનો એક વીરાંગના બની સામનો કર્યો કે કાનાનો પુત્ર નિરાધાર નથી, એ તો ક્યારનો પરણી બેઠો છે. જેઠીબાઇનું રણચંડી જેવું રૂપ જોઈ સૌ પાછા ફર્યા. જેઠીબાઇએ પોર્ટુગીઝ સરકારનો કાયદો રદ કરાવવા તેના જુલમની કહાણી પોર્ટુગીઝ

ભાષામાં હૃદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરાવી. તેને મોટી રેશમી ઓઢણી પર મોટા અક્ષરોમાં છપાવી. તેઓ પોર્ટુગલ ગયાં, પોર્ટુગલની રાણી ડૉન લ્યૂઝાને મળ્યાં, હૃદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની ઓઢણી રાણીને ભેટ કરી. રાણીએ અરજી વાંચી. એમણે જેઠીબાઇને કલામય કૃતિ અને હિંમત માટે ધન્યવાદ આપ્યા અને પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો પોતાનાં ખાસ ફરમાનથી રદ કરાવ્યો. તે દિવસથી જેઠીબાઇની ઓઢણી 'પાન – ६ – જેઠી'નું નામ વિખ્યાત બની ગયું.

કચ્છ-માંડવીનાં એક અભણ જેઠીબાઇ એક અદ્ભુત કાર્ય કરીને અમર બની ગયાં.

**(Effective writing Skill)**

**પ્રશ્ન-15 નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૧૨૦ શબ્દોમાં અનુચ્છેદ લેખન લખો.** **(1×5=5)**

**(I) જીવનમાં શિસ્તનું મહત્ત્વ :-**
મુદ્દા:- પ્રસ્તાવના – શિસ્તની જરૂરિયાત – શિસ્તના પ્રકાર તેમજ સ્વયં શિસ્ત અને ગેરશિસ્તના પરિણામ
કડક શિસ્તની જરૂર ? – ઉપસંહાર.

**(II) એક પ્રદર્શનની મુલાકાતે**
મુદ્દા:- પ્રસ્તાવના – પ્રદર્શનની બહારનું અંદરનું વર્ણન – મંડપો અને ખરીદીનું વર્ણન -ઉપસંહાર.

**પ્રસ્તાવના – 0.5**

**વિષયવસ્તુ – 2**

**ભાષા અભિવ્યક્તિ –** 1

**ભાષા શુદ્ધિ અને વાક્યરચના- 1**

**ઉપસંહાર -0.5**

**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને અનુચ્છેદ તપાસવો...**

- **વિષયની પસંદગી**
- **શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ**
- **કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો.**
- **વિષયાંતર થયું છે કે નહિ**
- **સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણીશુદ્ધિ અને ભાષાશૈલી**

**પ્રશ્ન-16 નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.** **(1×6=6)**

**મુદ્દા-** એક કંજૂસ – વાડામાં રૂપિયા દાટવા -દરરોજ રૂપિયા ગણવા – ચોરનું જોઈ જવું – રૂપિયા કાઢી લેવા અને કાંકરા મુકવા -કંજૂસને જાણ- માથું કૂટવું – પાડોશીનું મ્હેણું – " હવે કાંકરા ગણજે"- બોધ.

**શીર્ષક- ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય છે.**

**બોધ – વાર્તાને આધારે બોધ આવકાર્ય છે.**

**- ભાષા શૈલી અને ભાષા શુદ્ધિ -1**

**- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન – 3**

**- શીર્ષક – 1**

**- બોધ – 1**

**આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.**

- **વાર્તા મોટેભાગે ભૂતકાળમાં જ લખવી**
- **વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી**
- **ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી.**

**મુખ્ય પાત્ર,પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક કે બોધ આપીને લખવો.**

**પ્રશ્ન-17 નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન અથવા તો જાહેરાત લેખન કરો.** **(1×5=5)**

(1) તમારી શાળાના પુસ્તકાલય માટે કેટેલાંક પુસ્તકોની જરૂર છે. તે માટે જાણીતા પુસ્તક વિક્રેતાને અરજી લખો.

**સરનામું અને તારીખ- 1**

**સંબોધન અને અભિવાદન – 1**

**વિષયવસ્તુ અને ભાષા શુદ્ધિ – 2**

**સમાપન અને લિખિતંગ – 1**

**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.**

**પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.**

**પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.**

**પત્રની ભાષા સરળ અને શુદ્ધ હોવી જરૂરી.**

**વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક.**

**કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે.**

**<u>(નોંધ : પ્રશ્ન પત્રમાં જો પ્રેષક કે પ્રતિમાંથી કોઈનું પણ નામ આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવા કોઇપણ પ્રકારનું સરનામું તેમજ લિખીતનમાં પોતાનું કે કોઇપણ જાણકારનું નામ અને સરનામાનો ઉલ્લેખ કરવો નહિ. જેમકે –</u>**

**અ-સોસાયટી,**

**બ- વિભાગ.**

**ક- શહેર.**

**તા-______**

**પ્રતિ,**

**સાહેબ શ્રી,**

**ક- શહેર.**

**વિષય :- શાળાના પુસ્તકાલય માટે કેટેલાંક પુસ્તકોની જરૂર છે. તેની યાદી મોકલાવતી અરજી**

**માનનીય સાહેબ શ્રી,**

**જણાવવાનું કે,.........................................**

**પુસ્તકાલય ઉમેદવાર**

**(મ,સ,ડ)**

**(તેમજ ક્યાં પણ લીટી  છોડવી નહિ)**

(2) "લઘુ ઉધોગ" ભારતના આ પ્રોજેકટ વિશે સચિત્ર જાહેરાત લેખન લખો.

**ચિત્રાત્મક રજૂઆત- ૧.૫**

**સૂત્રાત્મક રજૂઆત – ૧**

**સમગ્ર પ્રસ્તુતિકરણ- ૨.૫**

**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.**

**ચિત્રાત્મક રજૂઆત**

**ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ.**

**ટૂંકી અને આકર્ષક રજૂઆત**

**દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત.**